Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# ભારતનું સામાજિક દૂષણઃ રાજનીતિ કે જાતિવાદ

ગણેશ એસ. પ્રજાપતિ
આર.આર.લાલન કોલેજ, ભુજ-કચ્છ
રાજ્યશાસ્ત્ર વિભાગ
મો.નં-૭૬૨૪૦૮૯૧૮૯

**Man is Social Animal** સમાજ વગર મનુષ્યનું જીવન અશક્ય છે. તેથી માનવ અસ્તિત્વ અને માનવવિકાસ માટે સમાજ ખૂબ જ અગત્યનો છે. ભારતની સંસ્કૃતિ એ શ્રેષ્ઠ સામાજિક વ્યવસ્થા ધરાવતી વિશ્વની સૌથી પ્રાચીનતમ સંસ્કૃતિ છે. ઉચ્ચતમ સામાજિક મૂલ્યો, રીતરિવાજો અને સામાજિક વારસો ધરાવતો ભારતીય પરંપરાગત સામાજિક્તામાંથી આધુનિક સામાજિકતા તરફ ઝડપથી ગતિ કરી રહેલો છે. ભારતીય સમાજમાં આવતા અનેક ઝડપી પરિવર્તનોના કારણે તેની સ્થાપિત વ્યવસ્થાઓ, મૂલ્યો, ધોરણો વગેરેમાં ઝડપથી ફેરફારો આવી રહ્યા છે. જેના લીધે નવી અને જૂની વ્યવસ્થા વચ્ચે સંઘર્ષ ઉભો થવાથી સમસ્યાઓ સર્જાય છે.

**ભારતીય સામાજિક રચનાઃ –**

ભારતીય સંસ્કૃતિમાં ભારતની સામાજિક રચનાનો ફાળો ખૂબ જ અગત્યનો છે. ભારતીય સમાજને મુખ્યત્વે ચાર વર્ણવ્યવસ્થામાં વિભાજિત કરવામાં આવેલ છે. (1) બ્રાહ્મણ, (2) ક્ષત્રિય, (3) વૈશ્ય, (4) શુદ્ર

આ વર્ણવ્યવસ્થાનો મુખ્ય હેતુ મનુષ્યને તેના કાર્ય કે કર્મ અનુસાર ઓળખ આપવાનો હતો આ ચાર વર્ણને પોતપોતાના પ્રસ્થાપિત નિયમોથી નિયમબદ્ધ કરવામાં આવેલ છે. પરંતુ સમય જતા આ વર્ણવ્યવસ્થાએ જ્ઞાતિ કે જાતિનું સ્વરૂપ ધારણ કરી લીધુ અને તેનું પ્રસ્થાપિત નિયમોએ જડતાપૂર્વકના રિવાજો કે દૂષણોમાં ફેરવાઇ ગયા.

**રાજનીતિ અને દૂષણ -** ભારતીય સામાજિક સંરચના જ્ઞાતિવાદ પર આધારિત છે.

પરંતુ ભારતના બંધારણે સમયસૂચકતા વાપરીને ભારતીય સમાજને આ દૂષણથી બચાવવા માટે દેશને બિનસાંપ્રદાયિકતા જાહેર કરેલ છે. ભારતીય બંધારણે તમામ ધર્મો, જાતિ, સંપ્રદાયોને સમાન દરજ્જો આપેલ છે. જ્ઞાતિવાદના પડકારનો સામનો કરવા માટે ભારતીય બંધારણમાં નબળા અને પછાત વર્ગો, લઘુમતીઓ, આદિવાસીઓ વગેરે વર્ગોની સુરક્ષા, કલ્યાણ અને વિકાસ માટેની સ્પષ્ટ અને અલગ જોગવાઇઓ કરવામાં આવેલ છે. ભારતમાં તમામ નાગરિકોને સમાન રીતે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પ્રદાન કરેલ છે. તેમજ સમાજ દરજ્જો અને સમાન તક પ્રાપ્ત કરાવે છે. બંધારણના આર્ટિકલ-15માં આની સ્પષ્ટ જોગવાઇ છે. આઝાદી સમયે આવી જોગવાઇ કરવામાં આવેલી હતી કે લઘુમતી નબળાં વર્ગો તથા પછાત વર્ગોની પ્રજાને પ્રવાહમાં લાવવા તથા દેશના વિકાસની મુખ્ય ધારામાં સમાવેશ કરવા માટે 10 વર્ષ સુધી અનામત કક્ષાના લાભો આપવા આ જોગવાઇ માત્ર 10 વર્ષ સુધી જ ચાલુ રાખવાની હતી. ત્યારબાદ આ અનામત રક્ષણને રદ કરવાનું હતું. પરંતુ રાજકારણના પાશિદા ખેલાડીઓએ આ શાસ્ત્રનો ઉપયોગ પોતાની ગંદી રાજરમતમનાં કવોટા યથાવત રાખીને દેશને જાતિવાદી રાજકારણનાં અખાડો બનાવી દીધો. આજે દેશમાં વોટ માત્રને જ્ઞાતિ કે પક્ષના આધારે અપાય છે.. ચૂટણીનો એજન્ડા વિકાસ કે પ્રગતિના વચનોથી નહી પરંતુ ચોકકસ જ્ઞાતિ કે જાતિને પ્રલોભનો આપીને રચવામાં આવે છે.

**જાતિવાદ એક દૂષણઃ –**

ભારત બહુધર્મી દેશ છે. જેમાં હિંદુ, મુસ્લિમ, બૌદ્ધ, જૈન, શીખ, ઇશાઇ, પારસી, યહુદી વગેરે ધર્મનું પાલન કરતાં લોકો વસે છે. પરંતુ એક સમયે માતૃભુમિની સ્વતંત્રતા કાજે એક રસ થયેલા આ તમામ લોકો આજે સાંપ્રદાયિકતા અને જાતિવાદના વાડામાં વહેંચાઇ ગયા છે. પોતાની જાતિ જ શ્રેષ્ઠ છે કે બીજાની જાતિ તુચ્છ કે હલકી છે. એવી માનસિકતા હતી કે પોતે આર્યકુળનું સંતાન છે. અને આર્યો જે શ્રેષ્ઠ છે. યહૂદીઓ હલકા વર્ણના છે એવી માનસિકતા પરિણામે વિશ્વને ભયંકર યુદ્ધનો સામનો કરવો પડ્યો જેના આપેલા ઘાવ આજ સુધી રૂઝાયા નથી. તમામ ધર્મો, જાતિઓ, સંપ્રદાયો એ સરસ રીતે જાણે છે કે જાતિવાદ એ વ્યક્તિ, સમાજ અને દેશના વિકાસને અવરોધતું પરિબળ છે. પરંતુ સત્ય જાણવા છતાં બધાં આંખ આડા કાન કરી બેઠા છે. જો કે આ સામાજિક દૂષણને પોષવામાં બીજા એક સામાજિક દૂષણનો બહોળો હાથ છે અને તે રાજનીતિ.

**દૂષણની અસરો:-**

જ્ઞાતિવાદ એ પોતાની રીતે પણ સામાજિક દૂષણ છે. અને આ દૂષણને રાજનીતિ દ્વારા પોષીને વધુને વધુ ભયંકર રાક્ષસનું સ્વરૂપ આપવામાં આવે છે. મૂર્ખ રાજકારણીઓ માત્રને માત્ર પોતાની વોટબેન્ક બચાવવા માટે આ જાતિવાદના ભયંકર રાક્ષસને ભારતની સામાજિક એકતા, અખંડિતતા, દેશભાવનાને ગળી જવા માટે ખુલ્લો મૂકી દીધેલ છે. આ રાજરમતના કારણે આજે દેશ ટુકડા ટુકડીઓમાં વિભાજીત થઇ ગયો છે. અને વધુ ને વધુ થઇ રહ્યો છે. પોતાની ભાષા, સંસ્કૃતિ તથા ધર્મના આધારે અલગ રાજ્યોની માગણી અગાઉ કરવામાં આવેલ છે અને અગાઉ તેને સ્વીકારવામાં પણ આવેલ છે. પણ એ દિવસ દૂર નથી કે પોતાની જ્ઞાતિ કે જાતિના આધારે અલગ રાજયની માગણીઓ કરવામાં આવશે અને આશ્ચર્યોની વચ્ચે તેને સ્વીકારવામાં પણ આવે.પોત પોતાના જ્ઞાતિછાદના કુંડાળામાંથી સામાન્ય માણસ કે પ્રજા ક્યારેય બહાર આવીનેદેશના આર્થિક કે સામાજિક વિકાસવિશે વિચારવાનો કોઇ પ્રયાસ જ કરતી નથી. જ્યારે પણ દેશની એકતા કે અખંડિતતાની વાત આવે છે. ત્યારે રાજકારણીઓ પોતાના વિસ્તારની જાતિઓને ઉશ્કેરીને જ્ઞાતિવાદના વમળને વધુને વધુ ઊંડા બનાવે છે. પરિણામે એકમત થઇ શકતા નથી. ભાવાત્મક એકતા કેળવી શકતાં નથી. અને રાજકારણીઓની રાજનીતિની આ ગંદી રમત ચાલુ રહે છે.

- **ધાર્મિક જાતિવાદ, આંતરધાર્મિક જાતિવાદમાં ખાસ કરીને છાશવારે થતો કે**
- **શ્રીમતી ઇન્દિરા ગાંધીની મૃત્યુ વખતે દેશમાં શીખો, વિરૂદ્ધ ફાટી નીકળેલી હિંસાના બનાવો.**
- **ગુજરાતના ગોધરા તાલુકામાં અયોધ્યાથી પરત ફરી રહેલા રામભક્તો પર મુસ્લિમો દ્વારા હુમલો.**
- **આંતરધાર્મિક જાતિવાદ તરીકે ઇસ્લામ ધર્મમાં સિયા અને સુન્ની, બૌદ્ધ ધર્મમાં મહાયાન અને હીનયાન, ખ્રિસ્તી ધર્મમાં કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ.**

**"જાતિવાદ, રાજનીતિ દોઉં ખડે**

**કિસકો કહુ કલકે ?**

**બલિહારી હમારે સમાજ કી**

**જિન્હે બનાયે દોનોકો જનક?"**

**સમસ્યાનો ઉકેલ :-**

પ્રાચીન સંસ્કૃતિ એ એવા સંસ્કારોના બીજ રોપ્યા છે કે  જ્યારે પણ આપણી અખંડિતતાની કસોટી થાય છે. ત્યારે આપણે  એક સાથે જતે સફળતાપૂર્વક પાર પાડી છે. જ્યારે પણ ભૂતકાળમાં આ દેશ પર વિદેશી આક્રમણો થયા છે. ત્યારે આ દેશની પ્રજાએ એક સંપથી તેનો વિરોધ કરીને પોતાને આઝાદ કરી છે. પરંતુ આ વખતે દુશ્મનો બહારના નથી ઘરના જ છે. સમસ્યા આપણ સામાજિક દૂષણો છે. તેથી તેનો સામનો પણ સામાજિક રીતે જ થવો જોઇએ આપણા વઠાઓએ કહ્યુ છે કે વહોળાનું પાણી ગંધાય છે પણ વહેતું પાણી ગંધાતું નથી. તેથી આપણે પણ આપણી જડ જેવી વર્ણવ્યવસ્થામાં રહીશું જ્ઞાતિવાદના ખાબોચિયામાં રહીશું તો ખાબોચીયાના પાણીની માફક ગંધાઇ જઇશું. વળી પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે. તેથી સામાજિક પરિવર્તન અનિવાર્ય છે. આજના સમયની તાતી જરૂરિયાત છે તે દ્વારા જ જ્ઞાતિવાદના વાડામાંથી બહાર આવીને સાચા દેશપ્રેમને દર્શાવી શકાશે. જો સમાજ પોતાનીરીતે જ આ જ્ઞાતિવાદનું બંધન ફગાવી દેશે તો રાજકારણીઓની રાજનીતિનું આ બ્રહ્માસ્ત્ર આપોઆપ બુઠ્ઠું થઇ જશે. બંને દેશની એકતા અને અખંતિતતા વિશે વિચારવું, સમગ્ર દેશની પ્રગતિ અને વિકાસની દિશામાં પ્રયત્નશીલ બનવું. એક ક્ષણ માટે વિચારો કે દેશની સીમાની સુરક્ષા કરતો સૈનિક જો આવા દૂષણોમાં સપડાઇ જાય તો શું તે દેશની રક્ષા કરી શકે? શું આપણે સલામતીથી જીવન જીવી શકીએ ? જો એક સૈનિક આ દૂષણના બંધનોને ફંગાવી શકે તો આપણે કેમ નહી ? દેશપ્રેમ બતાવવા માટે સૈનિક બનવું જરૂરી નથી. તે તો સામાન્ય નાગરિક વગેરેના મૂળ ખૂબ જ ઊંડા છે. તેને તાત્કાલિક તો ઉખેડીને ફેંકી શકાય તેમ નથી. પરંતુ સાચી શ્રદ્ધાથી પ્રયત્ન કરવામાં આવે તો આ કામ એટલુ મુશ્કેલ પણ નથી. સમાજના વિકાસના પગથિયા ચડવા માટે બધા પગથિયા પર અડચણરૂપ ઠોકર છે. આ જાતિવાદ અને રાજનીતિ. તેને સમાજમાંથી દૂર કરીને સમાજને સાફ સ્વચ્છ બનાવીએ આવતી પેઢીને એક સુંદર સમાજની ભેટ આપીએ.

**"છે મુશ્કેલ, કાંટાળો માર્ગ, પણ અને ચાલીશું.**

**છે ખબર, મળશે પછડાટ, પણ અમે ચાલીશું**

**છો આવતી ઝંઝાવતી, આફતો આ જીવન સફરમાં**

**જનાખી છે મધદરિયે નાવ, પણ અમે ચાલીશું"**

## સંદર્ભ ગ્રંથ સૂચી:-

૧. બક્ષી ડૉ.મનોહર.જે, ગુજરાતનું રાજકારણ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૨.શુકલ દિનેશ, ભારતીય રાજકારણની રૂપરેખા, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.